# જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,
# જોરાવર પેલેસ,બનાસકાંઠા,પાલનપુર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

પઢે ચલો, બઢે ચલો
RASHTRIYA MADHYAMIK SHIKSHA ABHIYAN

Email Id :bnsdeo@gmail.com    Phone No: 02742- 257055

તાત્કાલિક/ટોચ અગ્રતા

ક્રમાંકઃમા.વિ.૪/સ્કો/૨૦૧૮/ ૬૨૫૩૩ - ૬૨૮૩૩    તા.૨૦/૦૯/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તેમજ બિન સરકારી મા.અને ઉ.મા
શાળાઓ તમામ,બનાસકાંઠા

**વિષય:–નેશનલ સ્કીમ ઓફ ઈન્સેન્ટિવ ટુ ગર્લ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન (શિષ્યવૃતિ યોજના) લાભાર્થીઓની અરજીઓ ઓનલાઈન વેરીફિકેશન કરીને મોકલી આપવા બાબત..**

સંદર્ભ:– ૧.નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,ગાંધીનગરના પત્રક્રમાંક :હ–૨/સ્કો/૨૦૧૮/૨૩૨૬–૬૦ તા.૧૨/૦૯/૨૦૧૮
૨.અત્રેની કચેરીના પત્રક્રમાંકઃમા.વિ.૪/NSIGSE/૨૦૧૮–૧૯/૧૩૯૩૨–૧૪૪૩૨ તા.૨૨/૦૫/૨૦૧૮ અન્વયે.
૩.અત્રેનીકચેરીનાપત્રક્રમાંકઃ–મા.વિ.૪/સ્કો/૨૦૧૮/૬૧૯૮૬–૬૨૨૮૬તા.૧૫/૯/૧૮

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્ર–૧ **નેશનલ સ્કીમ ઓફ ઈન્સેન્ટિવ ટુ ગર્લ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન (શિષ્યવૃતિ યોજના)**હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ ના શિષ્યવૃતિના ડેટા મોકલવા માટે આપની શાળાઓના વિધાર્થીઓની અરજીઓ ભારત સરકારશ્રીના નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ હતી.

જે અન્વયે આપની શાળાઓ તરફથી ૧૨૩ પેન્ડિંગ અરજીઓ વેરીફાય કરવાની બાકી હતી તે વેરીફાય કરવા સુચના ઉકત સંદર્ભ.૨ થી આપવામાં આવેલ હતી. અને તેની છેલ્લી મુદત તા.૨૫/૦૫/૨૦૧૮ હતી. તે મુદત પુરી થવાથી પોર્ટલ ઉપર આ કામગીરી બંધ કરવામાં આવેલ હતી. સંદર્ભ.૩ થી આપની શાળાઓમાં ૧૧૧ અરજીઓ વેરીફાઈ કરવાની બાકી થતી હોય તો તે કામગીરી તા.૨૫/૦૯/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરવા માટે જણાવવામાં આવેલ છે. આ કામગીરી બાબતે કોઈ સલાહ,માર્ગદર્શન કે મદદની જરૂર જણાય તો **નવી દિલ્હી ખાતેની ઓફિસના શ્રી રાઘવેન્દ્રજીનો મોબાઈલ નંબરઃ ૦૯૫૫૫૨૦૬૭૮૫** ઉપર તેઓનો બારોબાર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

આપની શાળાની અરજી વેરીફાય કરવાની બાકી રહી જશે અને તેના કારણે કોઈ વિધાર્થીને શિષ્યવૃતિ નો લાભ નહી મળે તો તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે. જેથી આ બાબતને અગત્યની ટોચ અગ્રતા આપશો.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર